# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



**ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના નેતૃત્વ હેઠળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હોદેદારોએ રાજયના મુખ્યમંત્રીશ્રી તથા નાણામંત્રીશ્રીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ વિવિધ પ્રશ્નો-સુચનોની રજુઆત કરવામાં આવી...**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વેપાર-ઉધોગકારોને પડતી મુશ્કેલીઓના યોગ્ય નિરાકરણ માટે સરકારશ્રી સમક્ષ અવાર-નવાર રજુઆતો ધ્યાને મુકી હંમેશા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. ત્યારે ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાના નેતૃત્વ હેઠળ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા તથા ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીતથા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીની ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ વેપાર-ઉધોગકારોને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે વિવિધ પ્રશ્નો-સુચનોની રજુઆત ધ્યાને મુકેલ હતી.

(૧) ગુજરાત રાજયના માઈક્રો, સ્મોલ અને મિડીયમ અકમોને કેપીટલ ઈન્વેસ્ટેમેન્ટ સબસીડીની સહાય મર્યાદા વધારવા બાબત.

સરકારશ્રી દ્વારા MSME એકમોને ખુબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. ગુજરાત રાજયના MSME એકમોનો વધુ વિકાસ થાય તે માટે રાહત પેકેજો-સ્કીમો અમલમાં મુકેલ છે. ગુજરાત રાજયમાં આશરે ૪ લાખથી પણ વધુ MSME એકમો કાર્યરત છે અને નવા પણ સ્થપાઈ રહયા છે. રાજય સરકાર દ્વારા નવી ઔધોગીક નિતી-૨૦૨૨ અમલમાં મુકેલ હોય જેમાં માત્ર માઈક્રો યુનીટોને (૧ કરોડ સુધીના રોકાણકારોને) જ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી ૧૦% મળવાપાત્ર થાય છે. જયારે પાછળની તમામ ઔધોગીક પોલીસીઓમાં માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થતી હતી. વધુમાં અન્ય રાજયોની પોલીસીમાં તેના નિતિ નિયમો મુજબ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની ટકાવારી આપણાં ગુજરાત રાજય કરતા વધુ જણાઈ રહી છે. તો ગુજરાતને જ આવો અન્યા શા માટે ? માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારતના સપનાને સાર્થક કરવા તેમજ ગુજરાતના ઉધોગકારોનો વધુ વિકાસ થાય અને અર્થતંત્રમાં સહભાગી બની શકે તે માટે નવી ઔધોગીક નિતીમાં ફેરફાર કરી ગુજરાત રાજયના તમામ માઈક્રો, સ્મોલ અને મિડીયમ એકમોને કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી મળવાપાત્ર થાય તેમજ આ કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડીની અપર લીમીટ ૩૦ લાખ સુધી વધારી આપવી.

(૨) રાજકોટ ખાતે કન્વેન્શાન સેન્ટર ફાળવવા અંગે.

રાજકોટ ખાતે કન્વેન્શાન સેન્ટર ફાળવવા માટે રાજકોટ ચેમ્બરની માંગણી ઘણા સમયથી પેન્ડીંગ છે. પુર્વ મુખ્યમંત્રીશ્રીએ પણ આ માંગણીનો સ્વીકાર કરેલ હોય તેમજ અંદાજે આશરે ૩૨ એકર જગ્યા નું સ્માર્ટ સીટી એરીયામાં પ્રોવીઝન કરેલ હોય આપશ્રી આ અંગે તાત્કાલીક નિર્ણય લઈ

સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગને વધું વેગવંતુ બનાવવા અમારી માંગણી સ્વીકારી રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવી યોગ્ય કરશોજી. આ પ્રશ્ન અતી આવશ્યક હોય તાત્કાલીક અસરથી ઘટતું કરવું.

વધુમાં રાજકોટ ખાતે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વરદ હસ્તે સૌરાષ્ટ્રના નજરાણા સમાન હિરાસર ખાતે નિર્માણ પામેલ રાજકોટ ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરી રાજકોટ-સૌરાષ્ટ્રની જનતાને અમુલ્ય ભેટ આપેલ છે. ત્યારે હાલનું જે જુનું એરપોર્ટ હિરાસર ખાતે નિર્માણ પામેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ટ્રાન્સફર થઈ ગયેલ છે તો જે જુનાં એરપોર્ટની જગ્યા ખાલી પડેલ છે તે જગ્યા પર કન્વેન્શન સેન્ટર ફાળવવા ખાસ અનુરોધ કરેલ.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબીંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા બાબત.

ગુજરાત રાજય સરકાર દ્વારા 'ગુજરાત લેન્ડગ્રેબીંગ (પ્રોહિબીશન) એકટ-૨૦૨૦' તે તા. ૦૯ ઓકટોબર ૨૦૨૦ નાં રોજથી અમલમાં લઈ આવવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં કયાંય પણ ગેરકાયદેસર રીતે કોઈ જ જમીન, પ્લોટ કે મકાન પર કોઈ વ્યકિત ગેરકાયદેસર કબજો કરે તો તેની સામે સબંધિત કલેકટર કચેરીમાં તે વ્યકિત કે જેની માલિકીની મિલ્કત હોય તે લેન્ડગ્રેબીંગ કાયદાની જોગવાઈ મુજબ ફરિયાદ કરી અને જેથી તેની મિલ્કત પરથી ગેરકાયદેસર કબજો હટાવવા માટે તે કાયદાકીય કાર્યવાહી કરી શકે.

લેન્ડગ્રેબીંગ એકટની જોગવાઈનાં ULTRA WIRES નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ Special Civil Application No. 2995 of 2021 થી પડકારવામાં આવેલ તે કામનાં પીટીશનર (આરોપીઓને) સામેની કાયદાકીય કાર્યવાહી તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ હતી જેથી કલેકટર તેમજ પોલીસ અધિકારીઓને આગળની કાર્યવાહી કરી શકે નહી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાતનાં અલગ-અલગ જીલ્લાઓમાંથી અનેક પીટીશનરો ધ્વારા તે કાયદાનાં ULTRA WIRES ચેલેન્જ કરવામાં આવેલ છે જેથી આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબીંગ કાયદા અન્વયેની ફરિયાદ કે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ છે.

નામદાર હાઈકોર્ટ ધ્વારા તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં રોજ સ્ટે કરવામાં આવેલ મેટરનું ન્યાયિક નિરાકરણ આજદિન સુધી થયેલ ન હોય અને ત્યારબાદ આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબીંગ કાર્યવાહી નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્ટે હોય આમ ગુજરાત સરકારે જે શુભ હેતુથી લેન્ડગ્રેબીંગ એકટની જોગવાઈઓ બનાવવામાં આવેલ હોય તેનો લાભ ગુજરાતની જનતાને મળી રહેલ નથી. તેથી નામદાર

ગુજરાત હાઈકોર્ટમાં લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવો.

(૪) રાજયના નાણામંત્રીશ્રીની અધ્યક્ષતામાં લીડીંગ ચેમ્બરોને સાથે રાખી GST સંકલન સમિતિની રચના કરવા અંગે.

વર્ષ ૨૦૧૭ થી વન નેશન વન ટેક્ષ અંતર્ગત GST કાયદાનું અમલીકરણ કરેલ છે અને દર વર્ષે GST રેવન્યુંની આવકમાં સરકારશ્રીને વધારો થતો જોવા મળે છે. સમગ્ર ગુજરાતે આ GST કાયદાને આવકારેલ છે. GST કાઉન્સીલની મિટીંગ દર ત્રણ મહિને મળતી હોય જેમા દરેક રાજયના નાણામંત્રીશ્રી સભ્ય તરીકે હાજર થતા હોય છે.

આ કાયદાના અમલીકરણથી હજુ પણ ઘણી નાની-મોટી વિસંગતતાઓ રહેલી છે. તેને દુર કરવા રાજયના નાણામંત્રીશ્રીની અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજય GST સંકલન સમિતિની રચના કરવી. ત્યારે સાથેસાથ દરેક જીલ્લા વાઈસ અલગ અલગ પ્રોડકટ હોય તેમજ અલગ અલગ પ્રશ્નો હોય જેના નિરાકરણ માટે આ કમિટિ GST કાઉન્સીલની મિટીંગ પહેલા આશરે ૧૫ દિવસમાં બોલાવવામાં આવે તેમજ સમગ્ર ગુજરાતની લીડીંગ ચેમ્બર ઓફ કોમર્સને પ્રતિનિધિત્વ આપવામાં આવે તો આ સંકલની મિટીંગમાં ગુજરાત રાજયના નાના-મોટા પ્રશ્નોનું અહીથી જ નિરાકરણ લાવી શકાય. માત્ર નિતીવિષયક નિર્ણયો માટે જ નાણામંત્રીશ્રી GST કાઉન્સીલમાં રજુઆત કરે જેથી GST ના તમામ પ્રશ્નોનું સુખદ સમાધાન આવી શકે. તો તાત્કાલીક અસરથી GST સંકલન સમિતિની રચના કરવી.

(૫) રાજકોટ માટે કાયમી GST એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવા બાબત.

કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતના ત્રણ શહેરો અમદાવાદ, સુરત અને રાજકોટ માટે બે GST એપેલેટ ટ્રીબ્યુનલ ફાળવેલ છે. પરંતુ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ વિશાળ વેપારી વર્ગને ધ્યાનમાં રાખી રાજકોટ માટે કાયમી એક GST એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવી ખાસ જરૂરી છે.

(૬) રાજયના નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજી સમક્ષ કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા પ્રવર્તમાન ઈન્કમટેક્ષ ૧૯૬૧ના સેકશનના 43B(H) માં સુધારો કરી સરકારશ્રી દ્વારા કેટલાક ફેરફારો કરવામાં આવેલ. જે મુજબ નવી જોગવાઈ અંતર્ગત કોઈપણ ઔધોગીક કે સેવાપ્રદાન કરતા ક્ષેત્રો પાસેથી મેળવેલ પ્રોડકટ અથવા સેવાના યોગ્ય ચુકવણી સબંધે MSMED એકટ મુજબ સ્પષ્ટ જોગવાઈ નિર્ધારિત કરાયેલ છે. જે કિસ્સામાં પેમેન્ટ બાબત સ્પષ્ટ એગ્રીમેન્ટ થયેલ હોય તેમાં ૪૫ દિવસ તથા એગ્રીમેન્ટ થયેલ ન હોય તો ૧૫ દિવસની સમય મર્યાદા નિર્ધારિત કરાયેલ છે. આ જોગવાઈ MSMED એકટના સેકશન ૧૫ અંતર્ગત

કરવામાં આવેલ છે. સદર સમય મર્યાદામાં પેમેન્ટ ન થયેલું હોય તો જે તે નાણાંકિય વર્ષમાં નહી ચુકવાયેલ રકમ લેનાર વ્યકિતની આવકમાં ગણવામાં આવશે અને જયારે વાસ્તવીક પેમેન્ટ કરવામાં આવે ત્યારે આ રકમ બાદ મળવાપાત્ર થશે. જેના કારણે વેપાર-ઉધોગકારોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. જેથી સરકારશ્રીએ ઈન્કમટેક્ષ એકટના સેકશન 43B(H) નું પુન:મુલ્યાંકન અને અભ્યાસ કરી નાના ઔધોગીક એકમો તથા સેવા પ્રદાન કરનાર ક્ષેત્રોને પડનારી આર્થિક તથા વ્યવસ્થાકીય પડનારી મુશ્કેલીઓને ધ્યાને લઈ સદર કલોઝના અમલ અંગે ફેર વિચારણા કરવા તથા યોગ્ય નિર્દેશ જારી કરવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રજુ કરાયેલા વિવિધ પ્રશ્નો અંગે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈજીએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.